

ઘઉંની ડૂંડી

: યુક્રેઈનની લોકકથા :


FOLK TALE

DRAWINGS BY Y. VASNETSOV


FOREIGN LANGUAGES PUBLISHING HOUSE
Moscow

TRANSLATED FROM THE RUSSIAN

BY E. FELGENHAUER




એક હતો કૂકડો, ને બે હતા નાના ઉંદરડા. કૂકડાનું નામ 'બુલંદ અવાજ', અને ઉંદરમાંથી એકનું નામ 'નાચું' ને બીજાનું 'કૂદું'. બેય નાના ઉંદરડાને, બસ, નાચતાં ને ગાતાં જ આવડે—બીજું કાંઈ નહિ. જ્યારે જુઓ ત્યારે એ નાચતા હોય કે કૂદાકૂદ કરતા જ હોય! પણ કૂકડાભાઈ તો વહેલી સવારે ઊઠી, 'કુકડે....કૂ....ક' કરી બધાને જગાડે, ને પછી પોતાનું કામકાજ શરૂ કરી દે.




આંગણું વાળતાં વાળતાં કૂકડાને એક દિવસ ઘઉંની ડૂંડી જડી.

"એ કૂદ્યું! એ નાચ્યું!" એણે બૂમ પાડી: "આમ જુવો તો ખરા, આ મને શું જડયું!"







બેઉ ઉંદર દોડતા આવ્યા ને બોલ્યાઃ
"એલા, આ ડૂંડીમાંથી તો દાણા નીકળશે !"
"અને દાણા કાઢશે કોણ ?" કૂકડાએ પૂછયું.
"બીજું ગમે તે કાઢેને—હું નહિ !" એક ઉંદર બોલી ઊઠ્યો.
"બીજું ચાય તે કાઢેને—આપણે નહિ !" ત્યાં તો બીજો બોલ્યો.




"ભલે ત્યારે," કૂકડાએ કીધું: "ડૂંડીમાંથી હું દાણા કાઢીશ."
અને એણે કામ માંડી દીધું.
અને ઉંદરડા તો દડો લઈને રમવા માંડ્યા.





ડૂંડીમાંથી દાણા કાઢીને વળી કૂકડાભાઈએ સાદ પાડ્યોઃ
“એ નાચું! એ કૂદું! આમ જુવો તો ખરા—મેં કેટલા બધા દાણા કાઢ્યા!”
બેય જણ દોડતા આવ્યા ને તીણા સાદે ચૂંચૂં કરતા એકીસાથે બોલ્યાઃ
“હવે તો આ દાણાને ચક્કીએ લઈ જવા જોઈએ, એટલે એનો લોટ દળાય.”
“એને ચક્કીએ દળાવવા લઈ કોણ જશે?” કૂકડાએ પૂછ્યું.
“બીજું ગમે તે લઈ જાયને—આપણે નહિ!” કૂદું મોઢું બગાડીને બોલ્યો.
“બીજું ચાય તે લઈ જાયને—આપણે નહિ!” નાચું પણ કટાણું મોં કરીને બોલ્યો.




"ભલે ત્યારે," કૂકડાએ કીધું: "હું જ એને ચક્કીએ લઈ જઈશ."

દાણાનો કોથળો ખંભે નાખીને કૂકડાભાઈ તો ચાલ્યા પવનથી ચાલતી ચકકીએ લોટ પિસાવવા.

અને તે વખતે ઉંદરડા તો બેય ગલોટિયાં ખાતા રહ્યા, એકબીજાની ઉપર ઠેકડા મારતા રહ્યા. એમણે ખૂબ મજા કરી.





પવનચક્કીએથી પાછા ફરીને કૂકડાએ વળી પાછા ઉંદરડાઓને બૂમ પાડીઃ

"અહીં આવ, નાચું ! અહીં આવ, કૂદું ! હું લોટ દળાવી આવ્યો ..."

ઉંદરડા દોડતા આવ્યા. લોટ જોઈને એમણે તો વખાણ કરવા માંડ્યાંઃ

"વાહ રે વાહ, કૂકડાભાઈ ! શાબાશ, તમે તો ભારે કામ કર્યું ! હવે મોણ દઈને આ લોટ બાંધવો જોઈએ."

"અને લોટ મસળશે કોણ ?" કૂકડાએ પૂછ્યું.

અને ઉંદરડાએ તો વળી પાછી એ-ની એ વાત માંડીઃ

"બીજું ગમે તે મસળેને—એક હું નહિ !" કૂદુંએ તીણા સાદે કીધું.

"બીજું ચાય તે મસળેને—એક હું નહિ !" નાચુંએ એથીય તીણા અવાજે કહ્યું.




કૂકડો તો વિચારમાં પડી ગયો. ક્યાં....ય સુધી વિચાર કરીને પછી એ કહેઃ
"આ કામ પણ મારે જ કરવું પડશે એમ લાગે છે."

અને કૂકડાભાઈએ તો પહેલાં લોટને તેલનું મોણ દીધું ને પાણીથી લોટ બાંધ્યો, પછી લાકડાં લાવીને ભઠ્ઠી સળગાવી. તાપ બરાબર થયો એટલે અંદર રોટી શેકવા માંડી.

અને તે બધો વખત પેલા ઉંદરડાઓ પણ કામમાં મશગૂલ હતા—ગાવાના ને નાચવાના સ્તો!





રોટી શેકાઈને તૈયાર થઈ ગઈ એટલે કૂકડાભાઈએ એને લઈને ટેબલ પર મૂકી. ઉંદરડા બેય ત્યાં હાજર થઈ ગયા હતા—આ વખતે તો એમને સાદ પાડીને બોલાવવાની ય જરૂર ન પડી.

"હા....ય! મને કેટલી બધી ભૂખ લાગી છે!" કૂદું ઝીણા સાદે બોલ્યો.

"હા ..ય! અને મારું તો પેટ પાતાળે ગયું છે!" નાચું એથીયે ઝીણા સાદે બોલી ઊઠ્યો.

અને ઝટઝટ બેય જણ ટેબલ પર ગોઠવાઈ ગયા.

તે જોઈને કૂકડાભાઈએ ઉંદરડાને કહ્યું:

"ઊભા રહો, ઊભા રહો, ભાઈઓ! પહેલાં મને એક વાતનો જવાબ દો કે ઘઉંની ડૂંડી કોને જડી?"

"તમને જડી!" ઉંદરડાએ જોરથી જવાબ દીધો.

"અને એમાંથી દાણા કોણે કાઢ્યા?" કૂકડાએ ફરી પૂછ્યું.

"તમે!" હવે ઉંદરડાના અવાજમાં એટલું બધું જોમ ન દેખાયું.

"અને દાણાને દળાવવા ચક્કીએ કોણ લઈ ગયું?"

"એ પણ તમે!" નાચુંએ ને કૂદુંએ સાવ હળવે સાદે જવાબ દીધો.

"અને લોટ બાંધ્યો કોણે? લાકડાં લાવ્યું કોણ? ભઠ્ઠી પેટાવી કોણે? રોટી શેકી કોણે?"

"બધુંય તમે કર્યું, બધું તમે જ કર્યું, કૂકડાભાઈ." ઉંદરડા એટલા ધીમા અવાજે બોલ્યા કે માંડ માંડ સંભળાયું.

"અને તમે બેય સાહેબોએ શું કર્યું?"

ઉંદરડા શું જવાબ દે? ધીમે ધીમે, પાછલા પગે, ટેબલ પરથી ખસતા ખસતા એ નીચે ઊતરી ગયા. કૂકડાભાઈએ એમને રોક્યા પણ નહિ!

